ફોજદારી કેસ નંબર ૫૭૭૨/૨૦૨૦

**આંક – ૧ લગત હુકમ**

૧) હાલના કામે પોલીસ ધ્વારા આરોપી સામે મોટર વ્હીકલ એકટની કલમ – ૧૮૫ મુજબ ગુનાના કામે પ્રથમ બાતમી અહેવાલ નોંધી તપાસના અંતે આખરી અહેવાલ(ચાર્જશીટ) રજુ કરેલ છે.

૨) આ તબકકે નામ. કેરેલા હાઈકોર્ટના MEHBOOB V/S STATE (Cr. MC. No. 702 of 2011) ના ચુકાદાના પેરા – ૧૧ જે સરળતા સારુ નીચે નોંધેલ છે તે ધ્યાને લેવા જરુરી બને છે.

11. The above discussion leads to the conclusion that cognizance taken by the learned Magistrate of offenses punishable under Sec. 184 and 18 of the Code on a charge sheet submitted by the police officer after an investigation in violation of Sec.155(2) of the Code is illegal and for reasons I have stated, the said charge sheet cannot also be deemed to be a complaint as defined under Sec.2(d) of the Code. Cognizance taken being illegal is liable to be quashed.

૩) નામ. કેરેલા હાઈકોર્ટે ઉપરોકત ચુકાદામાં ઠેરવ્યા પ્રમાણે પોલીસે એમ.વી. એકટ – ૧૮૫ એ નોન કોગ્નીઝેબલ ગુનો હોઈ પોલીસે તપાસ સારુ ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૧૫૫(૨) મુજબ સંબંધિત જયુ. મેજીસ્ટ્રેટની પુર્વ મંજુરી લેવી જરુરી બને છે. આ કામે રેકર્ડ જોતા સદર મંજુરી મેળવેલ ના હોઈ હાલની પોલીસે કરેલી તપાસ અને તે પરથી કરેલ ચાર્જશીટ ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૧૫૫(૨) ધ્યાને લેતા તેમજ નામદાર કેરેલા હાઈકોર્ટના ઉપરોકત ચુકાદાના પ્રતિપાદિત સિધ્ધાંત ધ્યાને લેતા દુષિત બને છે.

૪) આમ, ઉપરોકત હકીકતે આરોપી વિરુધ્ધ આક્ષેપ એમ.વી.એકટની કલમ – ૧૮૫ નો હોય ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૧૫૫(૨) ની જોગવાઈઓ તેમજ નામદાર કેરેલા હાઈકોર્ટના MEHBOOB V/S STATE (Cr. MC. No. 702 of 2011) ના ચુકાદાના ઉપરોકત નોંધેલ પ્રતિપાદિત સિધ્ધાંત ધ્યાને લેતા કાર્યવાહી આગળ ચલાવી શકાય તેમ ન હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

હાલના આખરી અહેવાલ ( ચાર્જશીટ) ના આધારે ઉત્પન્ન થયેલ ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ – ૧૫૫(૨) ની જોગવાઈઓની બાધિત હોઈ આગળની કાર્યવાહી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૨૫૮ મુજબ સ્થગિત કરી આરોપીને છોડી (ડીસ્ચાર્જ) મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ – ૨૬, માહે – જુન, સને – ૨૦૨૨ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૬/૦૬/૨૦૨૨<br>
અમદાવાદ(ગ્રામ્ય)

(વિમલ પ્રદિપભાઈ આચાર્ય)<br>
સાતમાં એડી જયુડી મેજી. ફ.ક.<br>
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.<br>
UIC No.GJ -01445